અપીલ અધિકારી અને
ઈ.ચા. લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

---

**પ્રથમ અપીલ અરજી નં.૨૭૪૬, તા.૧૪–૦૩–૧૮**

અરજદાર : શ્રી મહેશભાઈ વનમાળીભાઈ ધાનાણી
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

વિષયઃ– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે આવેલ અપીલ અરજી બાબતે.

સંદર્ભ :– અરજદાર શ્રી મહેશભાઈ વનમાળીભાઈ ધાનાણી, ૩૯, માધવકુંજ સોસા., કોઝવે રોડ, શારદા સ્કુલની સામે, સિંગણપોર, સુરત–૩૯૫૦૦૪.

અરજદાર શ્રી મહેશભાઈ વનમાળીભાઈ ધાનાણીની અરજી આઈ.ડી.નં. ૨૭૪૬, તા.૦૨/૦૫/૨૦૧૮ નાં રોજ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીએ તબદીલ થઈને આવેલ છે.

**અરજદારની રજુઆત :–**

– ડે.ઈજનેરશ્રી અને જા.મા.અધિકારી (કતારગામ ઝોન) તરફથી કોઈ માહિતી મળેલ નથી. (આઈ.ડી.નં.૨૭૪૬, તા.૧૪/૦૩/૨૦૧૮ સંદર્ભે)

– સી.એમ. સાહેબશ્રી તરફથી આવેલ પત્ર સીએમ/૧૨૦/પી, તા.૨૩/૦૧/૨૦૧૮ અન્વયે કોઈ માહિતી આપેલ નથી.

– જા.મા.અધિકારી અને ઈ.ચા.આસી.લો ઓફિસર, કાયદા ખાતાનો તા.૦૨/૦૪/૨૦૧૮, આ.લો.નં.૦૩ નો પત્ર મળેલ છે.

– તમામ ઓર્ડર મા.કમિશનરશ્રીને ઉદ્દેશીને લખેલ હોય, માંગ્યા મુજબની માહિતી મળવી જોઈએ.

**જાહેર માહિતી અધિકારી તરફે રજુઆતઃ–**

– અરજદાર ધ્વારા માંગેલ માહિતી કતારગામ ઝોનના શહેર વિકાસ વિભાગને લાગત હોય, તેઓને આર.ટી.આઈ./૪૪૩, તા.૨૦/૦૩/૨૦૧૮ નાં રોજ પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરી ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હતી. જેથી અરજદાર ધ્વારા જે માહિતી માંગવામા આવેલ હતી તે અત્રેના વિભાગમાં રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય 'નીલ' માહિતી આપવામાં આવેલ હતી.

અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી, કાયદા વિભાગની રજુઆત વંચાણે લેતા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી કતારગામ ઝોનના શહેર વિકાસ વિભાગને લાગત હોય તેઓ ધ્વારા સદર માહિતી સમયમર્યાદામાં આપવાની રહેતી હતી. પરંતુ તેઓ ધ્વારા અરજદારને માહિતી આપવામાં આવેલ નથી. જેથી આઈ.ડી.નં. ૨૭૪૬, તા.૦૨/૦૫/૨૦૧૮ થી કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારીશ્રી (કતારગામ) ઝોનને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા ખાતાએ અરજદારને કાયદા ખાતાના રેકર્ડ ઉપર જે માહિતી ઉપલબ્ધ હોય તે દિન–૦૭ માં અરજદારને વિનામૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કતારગામ ઝોનનાં શહેર વિકાસ વિભાગનાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને આ પ્રથમ અપીલ તબદીલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(જે.સી.ગાંધી)
ઈ.ચા. લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૬–૨૦૧૮

પ્રતિ,

(૧) આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી (કાયદા ખાતું) પ્રતિ,..જાણ તથા અમલ માટે.
(૨) કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારીશ્રી (કતારગામ) ઝોન પ્રતિ.......જાણ માટે.
(૩) શ્રી મહેશભાઈ વનમાળીભાઈ ધાનાણી, ૩૯, માધવકુંજ સોસા., કોઝવે રોડ, શારદા સ્કુલની સામે, સિંગણપોર, સુરત પ્રતિ,..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં........, તા.૨૪–૦૮–૧૮**

અરજદાર : શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

વિષયઃ– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે આવેલ અપીલ અરજી બાબતે (આઈ.ડી.નં.૪૦૫, ૦૬/૦૭/૨૦૧૮)

સંદર્ભ :– અરજદાર શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી, ૨/૫૦૧૯, રૂસ્તમપુરા, અકબર શહીદની દરગાહ પાસે, રૂસ્તમપુરા, સુરત.

અરજદાર શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકીની અપીલ અરજી નં.સી.ઝેડ/કો.નં.૫૦૦/૯૨૧૮, આ.નં.૧૭૪, તા.૨૮/૦૮/૨૦૧૮ નાં રોજથી તબદીલ થઈને અત્રે મળેલ છે.

**અરજદારની રજુઆત :–**

અરજદાર હાજર રહેલ નથી.

**જાહેર માહિતી અધિકારી તરફે રજુઆત :–**

જાહેર માહિતી અધિકારી રજુઆત રહેમરાહે ઠરાવ નં. ૧૦૧/૯૯ ધ્વારા કાયમી કર્મચારીના આશ્રિતને નાકેરી આપવા વહીવટી વિલંબને કારણે આર્થિક નુકસાનના વળતર બાબત અત્રેના કાયદા ખાતામાં મ્યુ.મેજીસ્ટ્રેટ સાહેબ તેમજ જિલ્લા કોર્ટના તેમજ ગુજરાત હાઈકોર્ટનાં દાવામાં વળતર ચૂકવવા કરેલ હુકમના ઓર્ડરની નકલ માંગેલ જે ઉપલબ્ધ ન હોય અરજી મેજીસ્ટ્રેટ સાહેબને ઉદ્દેશીને અરજી કરેલ હોય ડિસ્ટ્રીકટ કોર્ટમાં ટ્રાન્સફર કરેલ છે.

જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રીને માંગેલ માહિતી દફતરે રેકર્ડ ઉપલબ્ધ ન હોય તેથી ટ્રાન્સફર કરેલ છે. અરજદારશ્રીને અપીલ અરજી બાબતે કાયદા ખાતાના આ.નં.૬૭૩, તા.૩૧/૦/૮/૨૦૧૮ ના પત્રથી તા.૦૭/૦૯/૨૦૧૮ ના રોજ રૂબરૂ રજુઆત માટે બોલાવવામાં આવેલ તથા યાદપત્ર–૧ કાયદા ખાતાના આ.નં.૭૦૩, તા.૧૦/૦૯/૨૦૧૮ થી તા.૧૭/૦૯/૨૦૧૮ ના રોજ હાજર રહી રૂબરૂ રજુઆત માટે પત્ર લખેલ તથા તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ અત્રેના કાયદા ખાતામાંથી ટેલીફોનીક સુચના આપી હાજર રહેવા જણાવેલ. અરજદારશ્રીએ તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ તેઓશ્રી હાજર રહેલ ન હતા.

પી.આઈ.ઓ. સુનાવણી સમયે હાજર રહેલ હતા અને પી.આઈ.ઓ. એ નીચે મુજબની રજુઆત કરેલ છે.

(૧) કાયદા ખાતાનું મધ્યસ્થ કોર્ટ રજીસ્ટર ચકાસણી કરતા આ પ્રકારના કોઈ કેસની નોંધ થયેલ હોવાનું જણાતું નથી. જેથી દફતરે અરજદારે માંગેલ માહિતી ઉપલબ્ધ નથી તેવી રજુઆત કરી.

<u>**હુકમ**</u>

બંને પક્ષો તથા સુનાવણીમાં જાહેર માહિતી અધિકારીની રજુઆત ધ્યાને લેતા આર.ટી.આઈ.ની કાયદાકીય જોગવાઈ સેકશન ૨–જે મુજબ દફતરે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. પ્રસ્તુત કિસ્સામાં પી.આઈ.ઓ. ના જણાવ્યા મુજબ કોર્ટ રજીસ્ટરમાં આવી કોઈ માહિતીની નોંધ નથી. જેથી માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી.

તેમ છતાં અરજદાર ઈચ્છુક જાહેર માહિતી અધિકારીને આગોતરો સમય મેળવી કચેરી સમય દરમ્યાન કોર્ટ રજીસ્ટરની ચકાસણી કરવા સમર્થ છે.

અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા.   –૧૦–૨૦૧૮

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી ના.સુ.કે. પ્રતિ,..જાણ માટે.

(૨) અરજદાર શ્રી ધનસુખભાઈ કનૈયાલાલ સોલંકી, ૨/૫૦૧૯, રૂસ્તમપુરા, અકબર શહીદની દરગાહ પાસે, રૂસ્તમપુરા, સુરત. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને લો
ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૫૮, તા.૧૩–૦૮–૧૮**

અરજદાર : શ્રી પીંકલ પી. ઘીવાળા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

વિષયઃ– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે આવેલ અપીલ અરજી બાબતે.

સંદર્ભ :– અરજદાર શ્રી પીંકલ પી. ઘીવાળા, ૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ, સી.કે. પાર્કની પાસે, હનીપાર્ક રોડ, સુરત–૩૯૫૦૦૫.

અરજદાર શ્રી પીંકલ પી. ઘીવાળાની અપીલ અરજી નં.વેસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/૧૨૨૬, તા.૩૧/૦૮/૨૦૧૮ નાં રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) કચેરીએથી તબદીલ થઈને અત્રેના કાયદા વિભાગને ઈનવર્ડ લો નં. ૮૯૦, તા.૦૬/૦૯/૨૦૧૮ નાં રોજ મળેલ છે.

**અરજદારની રજુઆત :–**

આઈ.ડી.નં. ૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ ની કોમ્પ્યુટર નં. ૨૦૦/૬૬૪૬ ની આર.ટી.આઈ. એકટ હેઠળની માંગેલ માહિતી બાબત રાંદેર ઝોન સિવાય તમામ ઝોન ધ્વારા કોઈ જ પૂર્તતા ન કરવા બાબત. જેથી તમામ ઝોનની માહિતી આર.ટી.આઈ. એકટ મુજબ વિનામૂલ્યે મળવાપાત્ર છે.

**જાહેર માહિતી અધિકારી તરફે રજુઆતઃ–**

અરજદાર ધ્વારા માંગેલ માહિતી બાબતની અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન / આસી.લો ઓફિસરશ્રી (વેસ્ટ ઝોન) ધ્વારા વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૨૦૧૮ ના પત્રથી અત્રેના કાયદા ખાતામાં તા.૨૪/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ હોય, જેની પૂર્તતા બાબતે એક પાનાના રૂા.૨.૦૦ લેખે કુલ ૨૭.૦૦ પાનાના કુલ રૂા.૫૪.૦૦ ભર્યેથી નકલ આપવા બાબતની જાણ નં.કાયદા ખાતુ/૬૯૪, તા.૦૬/૦૯/૨૦૧૮ થી પત્ર લખી કરવામાં આવેલ છે.

અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી (કાયદા વિભાગ) ની રજુઆત વંચાણે લેતા, કાયદા ખાતા ધ્વારા સમયમર્યાદામાં પત્ર લખેલ હોય પરંતુ ઝોન ધ્વારા કાયદા ખાતામાં તબદીલ કરવામાં વિલંબ થયેલ હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, કાયદા ખાતાએ અરજદારને કાયદા ખાતાના રેકર્ડ ઉપર જે માહિતી ઉપલબ્ધ હોય તે દિન–૦૭ માં અરજદારને વિનામૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૯–૨૦૧૮

પ્રતિ,

(૧) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) પ્રતિ,..જાણ માટે.

(૨) શ્રી પીંકલ પી. ઘીવાળા, ૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ, સી.કે. પાર્કની પાસે, હનીપાર્ક રોડ, સુરત–૩૯૫૦૦૫ પ્રતિ,..... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતું
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૧, તા.૦૪–૦૪–૧૯**

અરજદાર : શ્રી શોએબ એ. કોલસાવાલા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**ફરીયાદીની હકીકત :–**

વિષયઃ– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી શાએબ એ. કોલસાવાલાની આઈ.ડી.નં. ૨૯૭૪, તા.૦૫/૦૩/૨૦૧૯ નાં અનુસંધાનમાં મુદ્દા નં. ૧૮ થી ૨૧, ૨૪, ૨૫, ૩૫, ૪૨, ૪૪, ૪૯ વિગેરેની આપને લાગત મુદ્દાની નહિ મળેલ માહિતી વિના મૂલ્યે આપવા બાબત.

સંદર્ભ :– કાયદા ખાતુ/આર.ટી.આઈ./આ.નં. ૧૩૯૮, તા.૨૦/૦૩/૨૦૧૯

જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રીની રજુઆત મુજબ સદરહુ બાબત સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ ખાતાને લાગત હોય, મધ્યસ્થ કાયદા ખાતામાંથી વકીલશ્રીની નિમણૂંકની કાર્યવાહી થાય છે તથા ફી નો અભિપ્રાય આપવાની કાર્યવાહી થાય છે. જે તે વિભાગ ધ્વારા કેસ ચલાવવાની કાર્યવાહી થાય છે તથા સંપૂર્ણ રેકર્ડને લાગત ફાઈલ ખાતામાં હોય છે.

આથી માંગેલ માહિતી દફતરે રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તેથી કાયદા ખાતાનાં આ.નં.૧૩૯૮, તા.૨૦/૦૩/૨૦૧૯ થી માહિતી ઉપલબ્ધ નથીનો જવાબ પાઠવેલ છે.

**_હુકમ_**

જાહેર માહિતી અધિકારીશ્રીની રજુઆત ધ્યાને લેતાં, આર.ટી.આઈ.ની કાયદાકીય જોગવાઈ સેકશન–૨ મુજબ દફતરે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. પ્રસ્તુત કિસ્સામાં પી.આઈ.ઓ.ના જણાવ્યા મુજબ માંગેલ માહિતી દફતરે ઉપલબ્ધ નથી. જેથી માહિતી આપવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તેવા સંજોગોમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી ઉપલબ્ધ નથી તેવો જવાબ યોગ્ય જણાતો હોય અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીએ માંગેલ માહિતી બાબતે કોઈ નારાજગી હોય તો તેઓ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(મિત્તુલ એ. પંડયા)
લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૪–૨૦૧૯

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસર (કાયદા ખાતુ) પ્રતિ,..જાણ માટે.

(૨) અરજદાર શ્રી શોએબ એ. કોલસાવાલા, ૧૨/૭૫૫, કોલસાવાલા એપાર્ટ, રાણી તળાવ, સુરત. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.